# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1. ભૂતાનમાં એક કાર્યક્રમને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દિલ્હીમાં બનેલી ઘટનાના ષડયંત્રકારો સામે કડક કાર્યવાહી કરાશે.
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં ઉચ્ચ સ્તરની બેઠક યોજી દિલ્હીમાં કાર વિસ્ફોટ બાદ સ્થિતિની સમીક્ષા કરી
3. બિહારમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ સરેરાશ 68.67 ટકા મતદાન થયું.
4. અમેરિકામાં સેનેટે સરકારી શટડાઉન સમાપ્ત કરવા કામચલાઉ ભંડોળ વિધેયકને મંજૂરી આપી
5. ભારતે પ્રથમ વખત રમાયેલા પ્રજ્ઞાચક્ષુ મહિલા T-20 વિશ્વ-કપ ક્રિકેટમાં વિજયી પ્રારંભ કર્યો

...............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM THIMPU ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દિલ્હીમાં બનેલી ભયાનક ઘટનાના ષડયંત્રકારોને છોડવામાં નહીં આવે અને તમામ જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરાશે. ભૂતાનના થિમ્પુમાં એક કાર્યક્રમને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, તેઓ ગઈકાલે આખી રાત આ ઘટનાની તપાસમાં જોડાયેલી સંસ્થાઓના સંપર્કમાં રહ્યા હતા. તેમણે સંસ્થાઓ આ ષડયંત્રના મૂળ સુધી જશે તેવું આશ્વાસન પણ આપ્યું.

**(BYTE: NARENDRA MODI, PM)**

પ્રધાનમંત્રીએ કહ્યું, આજે તેઓ ભારે હૃદય સાથે ભૂતાન આવ્યા છે અને ગઈકાલે સાંજે દિલ્હીમાં થયેલી ઘટનાથી દરેકને ઘણું દુઃખ થયું છે. શ્રી મોદીએ કહ્યું કે, તેઓ અસરગ્રસ્ત પરિવારોનું દુઃખ સમજે છે અને આખો દેશ તેમની સાથે છે.

-------------

## REV INDIA BHUTAN POWER DEAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે થિમ્પુમાં ભૂતાન નરેશ જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચૂકની સાથે પ્રતિનિધિમંડળ સ્તરનો સંવાદ કર્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ભારત—ભૂતાન સંપર્કને મજબૂત કરવા અનેક મુખ્ય

પહેલની જાહેરાત અને બંને દેશ વચ્ચે લાંબાગાળાના સહકાર પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાની પુષ્ટી કર્યા પછી આ બેઠક યોજાઈ હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે બે દિવસના પ્રવાસે ભૂતાન પહોંચ્યા છે. શ્રી મોદી અને ભૂતાનના નરેશ ડ્રૂક ગ્યાલપોએ પુના-ત્સાંગછૂ-બે જળવિદ્યુત પરિયોજનાનું ઉદ્ઘાટન કર્યું.

-------------

## AMIT SHAH DELHI BLAST

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને ઉચ્ચ સ્તરની બેઠક યોજાઈ. તેમાં શ્રી શાહે દિલ્હીમાં કાર વિસ્ફોટ બાદ સ્થિતિની સમીક્ષા કરી. બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ, ગુપ્તચર સંસ્થાના નિદેશક, દિલ્હી પોલીસ કમિશનર અને રાષ્ટ્રીય તપાસ સંસ્થાના મહાનિદેશક ઉપસ્થિત રહ્યા. જમ્મુ-કાશ્મીરના પોલીસ મહાનિદેશક પણ વર્ચ્યૂઅલ માધ્યમથી બેઠકમાં જોડાયા હતા. ગૃહ મંત્રાલયે આ ઘટનાની તપાસ રાષ્ટ્રીય તપાસ સંસ્થા – N.I.A. ને સોંપી છે.

શહેરના તમામ સંવેદનશીલ વિસ્તારોમાં પણ કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વિસ્ફોટનું કારણ જાણવા અને લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓ વધુ સતર્કતા દાખવી રહ્યા છે. દિલ્હી મૅટ્રો રૅલ નિગમે જણાવ્યું, સુરક્ષાના કારણોસર લાલકિલ્લા મેટ્રો મથક ગુરુવાર સુધી બંધ રહેશે. જ્યારે અન્ય તમામ મથક સામાન્ય રીતે ચાલી રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિસ્ફોટ બાદ સ્થિતિની સમીક્ષા કરી અને ગૃહમંત્રી અમિત શાહ સાથે વાત કરી. શ્રી શાહે કાર વિસ્ફોટ સ્થળની

મુલાકાત લઈ L.N.J.P. હૉસ્પિટલમાં ઈજાગ્રસ્તો સાથે મુલાકાત કરી. તેમણે વિસ્ફોટની ઊંડાણપૂર્વક તપાસનું પણ વચન આપ્યું હતું.

ગઈકાલે લાલકિલ્લા પાસે થયેલા વિસ્ફોટમાં આઠ લોકોના મોત અને કેટલાક લોકો ઇજાગ્રસ્ત થયા હતા.

-------------

## PREZ HM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ અંગોલાથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ફૉન પર વાતચીત કરી. સૂત્રોના જણાવ્યા મુજબ, રાષ્ટ્રપતિએ ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ અંગે વિસ્તૃત માહિતી મેળવી.

-------------

## REV RAJNATH DELHI DEFENCE DIALOGUE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે દિલ્હી કાર વિસ્ફોટના જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું છે. તેમજ આરોપીઓને કોઈ પણ હાલતમાં છોડવામાં નહીં આવે તેમ પણ જણાવ્યું. નવી દિલ્હીમાં દિલ્હી સંરક્ષણ સંવાદને સંબોધતા શ્રી સિંઘે કહ્યું, મુખ્ય તપાસ સંસ્થા આ ઘટનાની તાત્કાલિક અને ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. તપાસનું નિષ્કર્ષ ટૂંક

સમયમાં જાહેર કરાશે. શ્રી સિંઘે દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવાર પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી.

## (બાઈટઃ રાજનાથ સિંઘ)

શ્રી સિંઘે કહ્યું, દિલ્હી સંરક્ષણ સંવાદ, સંરક્ષણ અને સુરક્ષાના વિવિધ પડકારો અંગે ઊંડી ચર્ચા માટેનું એક મુખ્ય મંચ તરીકે ઉભર્યું છે.

-------------

## BIHAR VOTING

બિહારમાં આજે વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ મતદાન થયું. સત્તાવાર માહિતી મુજબ, સાંજે પાંચ વાગ્યા સુધીમાં બિહારમાં સરેરાશ 68 પૂર્ણાંક 67 ટકા મતદાન નોંધાયું. કિશનગંજ, કટિહાર અને પૂર્ણિમામાં વિક્રમી 70 ટકાથી વધુ મતદાન થયું છે. જ્યારે કિશનગંજમાં 77 પૂર્ણાંક 91 ટકા મતદાન નોંધાયું છે.

બીજા તબક્કા હેઠળ 20 જિલ્લાની 122 બેઠક માટે આજે મતદાન થયું. આ સાથે જ ત્રણ કરોડ 70 લાખથી વધુ મતદારોએ 136 મહિલા સહિત એક હજાર 302 ઉમેદવારોના રાજકીય ભાવિનો નિર્ણય કર્યો. ચૂંટણી પંચ દ્વારા મતદાનના યોગ્ય સંચાલન માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.

-------------

## US SENATE BILL

અમેરિકામાં સેનેટે સરકારી શટડાઉન એટલે કે બંધ સમાપ્ત કરવા કામચલાઉ ભંડોળ વિધેયકને મંજૂરી આપી છે. આ વિધેયક પસાર થવાથી સરકારી કામકાજ ફરીથી શરૂ થઈ શકશે. સેનેટે વિધેયકને 40ની સરખામણીએ 60 મતથી પસાર કર્યું. હવે આ વિધેયક પ્રતિનિધિ સભામાં મોકલાશે, જ્યાં આવતીકાલે મતદાન થઈ શકે છે.

આ વિધેયક પસાર થવાથી સરકારને 30 જાન્યુઆરી સુધી ખર્ચ માટે ભંડોળ મળશે. અમેરિકામાં અત્યાર સુધી સૌથી લાંબા સમય સુધી રહેલા શટડાઉનના કારણે સરકારી કામકાજ પહેલી ઑક્ટોબરથી ઠપ પડ્યું છે. ડેમોક્રેટ સભ્યોએ રિપબ્લિકન સભ્યોના ખર્ચ વિધેયકનું સમર્થન કરવાથી ઇનકાર કરી દીધો હતો. ડેમોક્રેટ્સનું માનવું છે કે, ખર્ચ વિધેયક પસાર થવાથી લાખો લોકો માટે આરોગ્ય સેવા સહાયતા પર કાપ મુકાશે.

-------------

# PAKISTAN BLAST

પાકિસ્તાનમાં આજે ઇસ્લામાબાદના એક અદાલત ભવનની બહાર થયેલા આત્મઘાતી વિસ્ફોટમાં 12 જેટલા લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે અન્ય 21 લોકો ઇજાગ્રસ્ત થયા છે. પોલીસના જણાવ્યા મુજબ, આ વિસ્ફોટ અદાલત ભવનની બહાર ઊભેલી કારમાં થયો હતો. પાકિસ્તાન છેલ્લા કેટલાક વર્ષમાં ખૈબર પખ્તૂન-ખ્વા અને બલૂચિસ્તાન પ્રાન્તમાં સુરક્ષા સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે.

દરમિયાન પાકિસ્તાન માનવ અધિકાર પંચે ખૈબર પખ્તૂન-ખ્વામાં સુરક્ષા અને માનવાધિકારની સ્થિતિ અંગે ચર્ચા વ્યક્ત કરી છે. તેમજ પ્રાન્તમાં ભય, અરાજકતા અને નાગરિક વહીવટી તંત્રની સ્થિતિને ઉજાગર કરી છે.

-------------

## REV WOMEN T20 WORLD CUP

ભારતે પ્રથમ વખત રમાયેલા પ્રજ્ઞાચક્ષુ મહિલા T-20 વિશ્વ-કપ ક્રિકેટમાં વિજયી પ્રારંભ કર્યો. નવી દિલ્હીમાં રમાયેલી પહેલી મેચમાં યજમાન ભારતીય ટીમે શ્રીલંકાને 10 વિકેટથી હરાવ્યું. ટૉસ જીતીને પહેલા બેટિંગનો નિર્ણય લેતા શ્રીલંકાની ટીમ 13 ઑવર ત્રણ બૉલમાં 41 રન જ બનાવી શકી. ભારતની ભવ્ય ફિલ્ડિંગના કારણે સાત ખેલાડી રનઆઉટ થયાં. જ્યારે સુકાની દીપિકા ટીસી, ગંગા કદમ અને જમુના રાની ટુડુએ એક-એક વિકેટ લીધી.

જવાબમાં, ભારતે માત્ર ત્રણ ઑવરમાં એક પણ વિકેટ ગુમાવ્યા વગર 43 રન બનાવી મૅચ જીતી લીધી. સુકાની દીપિકા ટીસીએ 14 બૉલમાં ચાર બાઉન્ડ્રી સાથે 26 રન બનાવ્યાં. જ્યારે અનિકા દેવીએ છ બૉલમાં 15 રન બનાવ્યાં.

આ સ્પર્ધામાં ભારત, શ્રીલંકા, અમેરિકા, નેપાળ, ઑસ્ટ્રેલિયા અને પાકિસ્તાન એમ છ ટીમ ભાગ લઈ રહી છે. ભારત અને શ્રીલંકાની સંયુક્ત યજમાનીમાં આ સ્પર્ધા આજથી 23 નવેમ્બર સુધી રમાશે. તેની ફાઈનલ શ્રીલંકાના કૉલમ્બોમાં રમાશે.

-------------

## AMFI DATA OCTOBER

એસોસિએશન ઑફ મ્યુચ્યૂઅલ ફંડ્સ ઇન ઇન્ડિયા મુજબ, મ્યૂચ્યૂઅલ ફંડ વ્યવસ્થિત રોકાણ યોજના – S.I.P હેઠળ રોકાણ આ વર્ષે ઑક્ટોબર મહિનામાં સામાન્ય રીતે વધીને 29 હજાર 529 કરોડ રૂપિયા થયું છે. જ્યારે સપ્ટેમ્બરમાં આ 29 હજાર 361 કરોડ રૂપિયા હતું.

મ્યૂચ્યૂઅલ ફંડ ઉદ્યોગની કુલ શુદ્ધ સંચાલન હેઠળની મિલકત ગયા મહિને ચાર ટકા વધીને 79 લાખ 87 હજાર કરોડ રૂપિયા હતી. જ્યારે સપ્ટેમ્બરમાં 75 લાખ 61 હજાર કરોડ રૂપિયા હતી.

-------------

## AIR MARSHAL IMR

વાયુસેનાના ઉપ-પ્રમુખ ઍરમાર્શલ નર્મદેશ્વર તિવારીએ આજે “ઑપરેશન સિંદૂર”ની સફળતામાં સશક્ત સંચાર અને નેટવર્ક પ્રણાલિઓની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. તેમજ તેને ભવિષ્યના નેટવર્ક કેન્દ્રીત સૈન્ય અભિયાનો માટે એક માપદંડ ગણાવ્યું.

નવી દિલ્હીમાં હવાઈજહાજ શક્તિ અને સુનિયોજિત અભ્યાસ કેન્દ્ર તથા ભારતીય લશ્કરી સમીક્ષા દ્વારા યોજાયેલી એક સંયુક્ત સંગોષ્ઠીને સંબોધતા ઍરમાર્શલ તિવારીએ કહ્યું, કઈ રીતે સ્વદેશી ટેક્નિક અને સરળ સંકલન દ્વારા

સમર્થિત એક નેટવર્ક આધારિત બળ નિર્ણાયક પરિણામ આપી શકે છે તે આ ઑપરેશનથી જાણવા મળ્યું.

સી-412 અને નેટવર્ક કેન્દ્રીત યુદ્ધ 2025 વિષય પર યોજાયેલી આ સંગોષ્ઠીમાં વરિષ્ઠ અધિકારી, સંરક્ષણ નિષ્ણાત અને વ્યૂહરચના નિર્માતા સી-412 પ્રણાલિઓમાં પ્રગતિ અને ભવિષ્યની યુદ્ધ ક્ષમતાઓને આકાર દેવામાં તેમની ભૂમિકા પર વિચાર-વિમર્શ કરવા માટે એકસાથે આવ્યા હતા.

-------------